છેલ્લા પાનાનું ચાલુ

## પાલિકાએ બહાર પાડી સેલ્ફ ટેસ્ટ

પડતો નથી. તેમાં પોઝિટિવ આવનારા લોકો હોમ ક્વોરન્ટાઈન થવાને બદલે બહાર નીકળીને બીજાને ચેપ લગાવે છે. તેથી પાલિકાએ સેલ્ફ કિટના ઉત્પાદકથી લઈને કેમિસ્ટ અને ગ્રાહકો માટે નવી ગાઈડલાઈન બહાર પાડી છે. તે મુજબ આ લોકોએ કિટ કોને વેચી તેની જાણ પાલિકાને કરવાની રહેશે. તો નાગરિકોએ તેમના રિપોર્ટ અપલોડ કરવાના રહેશે.

શું છે પાલિકાના નવા નિયમ?

નવા નિયમ મુજબ સેલ્ફ ટેસ્ટ કિટનું ઉત્પાદન કરનારી કંપનીઓને કેમિસ્ટ અથવા ડિસ્ટ્રીબ્યુટરને તેમણે કેટલા કિટ વેચ્યા તેનો વિગતવાર અહેવાલ પાલિકાને ઈમેલ આઈડી પર દરરોજ આપવો પડશે.

કેમિસ્ટ, ફાર્મસી, મેડિકલ સ્ટોર દવાખાનાઓએ ગ્રાહકોને વેચેલી હોમ ટેસ્ટિંગ એન્ટીજન કિટનો વિગતવાર અહેવાલ 'બી' ફોર્મમાં કમિશનર, એફડીએને whogmp.mahafda@gmail.com

આ ઈમેલ આઈડી પર મોકલવાનો રહેશે. તો પાલિકાને mcgm.hometests@gmail.com ઈમેલ આઈડી પર મોકવાનો રહેશે. કેમિસ્ટર, ફાર્મસી, મેડિકલ સ્ટોર, દવાખાના, હોમ ટેસ્ટિંગ એન્ટીજન કિટ્સની ખરીદીના બલિ જાહેર કરેશે અને તેમાં ગ્રાહકોને હોમ ટેસ્ટિંગ એન્ટીજન કિટ્સ વેચ્યાં તેની નોંધ રાખવી ફરજિયાત રહેશે. પાલિકા કમિશનર, ફૂડ એન્ડ ડ્રગ્સ એડમિનિસ્ટ્રેશન એ મુંબઈમાં જે પણ નાગરિકો, તમામ કેમિસ્ટ, ફાર્મસીસ અને મેડિકલ સ્ટોર તથા ડિસ્ટ્રીબ્યુટરને હોમ ટેસ્ટિંગ એન્ટીજન ક્ટિસનું વિતરણ કરશે તેના પણ તેના વેચાણ પર નજર રાખશે.

## રસી લેનારાને જ લોકલમાં યાત્રા કરવાના

કર્યું હતું. આ મુદ્દે રેલવે પ્રવાસી સંગઠનના પ્રમુખ સુભાષ ગુપ્તાએ કહ્યું હતું કે મુંબઈની લાઈફલાઈન એટલે લોકલ ટ્રેનમાં શ્રમિકો, મજદૂરો, ગરીબ અને મિડલ ક્લાસના લોકો સૌથી વધુ ટ્રાવેલ કરે છે. મુંબઈ કમર્શિયલ હબ હોવાથી મુંબઈગરા માટે જાહેર પરિવહન ક્ષેત્રે ફક્ત લોકલ ટ્રેન સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. બેસ્ટને સેકન્ડ લાઈનલાઈન કહેવાય છે, પરંતુ લોકલ ટ્રેનના જેટલા પ્રવાસીઓનું પરિવહન કરાવવાનું મુશ્કેલ છે. હાલના તબક્કે શરતી રસીના બંને ડોઝ લેનારાને ટ્રાવેલ કરવાની મંજૂરી આપી છે, પરંતુ એ રાહતની બાબત છે. પરિવાર સાથે લોકો બહાર અવરજવર કરતા હોવાથી લોકલ ટ્રેનમાં મૂકવામાં આવેલા નિર્ણયે વાસ્તવમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. ટૂંકમાં પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે મુંબઈગરાને આ નિયમોએ સુરક્ષિત રાખ્યા છે. જોકે, લોકોએ સુરક્ષાના કારણસર માસ્ક પહેરવાની સાથે બની શકે ત્યાં સુધી સોશિયલ ડિસ્ટન્સ જાળવવું જરૂરી છે. હજુ સુધી લોકોમાં સંક્રમણનું પ્રમાણ વધ્યું નથી તેના માટે રસીના બંને ડોઝ લેવાના પરિબળે ચોક્કસ ભાગ ભજવ્યો છે, એમ તેમણે જણાવ્યું હતું.

કોરોના પ્રતિરોધક રસીના બંને ડોઝ લીધાના ૧૪ દિવસ પછી ટ્રેનમાં ટ્રાવેલ કરવાની પરવાનગી આપવાની સાથે લોકોને ટિકિટ આપવાનું ચાલુ કર્યું હતું. એ વખતે લોકલ ટ્રેનમાં રોજના સરેરાશ ૩૫ લાખની આસપાસ ટ્રાવેલ કરતા હતા, પરંતુ મંજૂરી આપવામાં આવ્યા પછી ટ્રેનમાં ટ્રાવેલ કરનારા પ્રવાસીની સંખ્યામાં વધારો થયો હતો. હાલમાં કેસની સંખ્યામાં વધારા પછી પણ સરેરાશ ટ્રાવેલ કરનારાની સંખ્યામાં પાંચથી છ લાખનો ઘટાડો થયો છે. મુંબઈ રેલવેમાં રોજના ૩,૧૪૦થી વધુ લોકલ ટ્રેન દોડાવાય છે, જ્યારે કોરોના મહામારી પૂર્વે રોજ ૮૦ લાખથી વધુ લોકો ટ્રાવેલ કરતા હતા.

રસીના બંને ડોઝ લેનારાની સંખ્યા ૮૩ લાખને પાર

કોરોનાની પ્રતિરોધક રસી આપવામાં પ્રશાસન કમર કસી રહ્યું છે, જેમાં મુંબઈ મહાનગર પાલિકાની હદમાં રસીના બંને ડોઝ લેનારાની સંખ્યા ૮૩,૯૯,૮૦૦ની આસપાસ રહી છે, જ્યારે સિંગલ ડોઝ લેનારાની સંખ્યા એક કરોડને પાર કરી છે. રસી લેનારા વિવિધ શ્રેણી હેઠળના લાભાર્થી પૈકી ૧.૪૩ લાખ હેલ્થ વર્કરે રસીના બંને ડોઝ લીધા હતા, જ્યારે ૧,૮૮,૮૬૫ ફ્રન્ટલાઈન વર્કર્સે રસીના બંને ડોઝ લીધા છે. ઉપરાંત, ૧૦.૪૬ લાખ ૬૦ વર્ષના સિનિયર સિટીઝનને રસીના બંને ડોઝ લીધા છે, જ્યારે ૪૫થી ૫૯ વર્ષના ગ્રુપના રસીના બંને ડોઝ લેનારાની સંખ્યા ૧૯.૮૪ લાખ તથા સિંગલ ડોઝ લેનારાની સંખ્યા ૨૨.૦૬ લાખ છે. ૧૮થી ૪૪ વર્ષના ગ્રુપના ૪૮ લાખ લોકોએ રસીના બંને ડોઝ તથા ૬૦,૫૯,૫૫૨ જણે સિંગલ ડોઝ લીધો હતો.

કોરોનાથી મૃત્યુ પામનારા ૯૪ ટકા રસી વિનાના

કોરોનાના કેસની સંખ્યામાં વધારાને કારણે મુંબઈ સહિત મેટ્રોપોલિટન રિજનમાં રસી આપવાની પ્રક્રિયા પર જોર મૂકવામાં આવી રહ્યો છે, જ્યારે રેલવે સ્ટેશનની સાથે સાથે નાઈટ સેન્ટર ચાલુ કરવામાં આવ્યા છે. નવા વેરિયન્ટની સાથે કોરોનાના કેસ વધી રહ્યા છે ત્યારે એટલિસ્ટ ઈમ્યુનિટી સ્ટ્રોંગ બને તેના માટે રસીકરણ જરૂરી છે. ફેબ્રુઆરી, ૨૦૨૧થી અત્યાર સુધીમાં કોરોનાથી મૃત્યુ પામ્યા હતા, જેમાંથી ૯૪ ટકા લોકોએ રસી લીધી નથી, તેથી દરેક લોકોને રસી લેવાનો અનુરોધ કરવામાં આવે છે, એમ મુંબઈનાં મેયર કિશોરી પેંડણેકરે જણાવ્યું હતું.

## કારશેડનો વિવાદ યથાવત્

રૂપિયા વધી ગયો છે. પ્રસ્તાવિત પ્રોજેક્ટ માટે રૂપિયા ૨૩,૧૩૬ કરોડના ખર્ચનો અંદાજ હતો, જે વધીને ૩૩,૪૦૬ કરોડ રૂપિયાએ પહોંચ્યો છે. મેટ્રો-થ્રીના નિર્માણ કાર્ય માટે ટનલ બનાવવાનું કામ અંતિમ તબક્કામાં પહોંચી ગયું છે. બાંદ્રાથી કોલાબા-સિપ્ઝ વચ્ચેના ૩૩.૫ કિલોમીટરના લાબાં કોરિડોર માટે મેટ્રો માટે ત્રણ રેક તૈયાર કરવામાં આવી છે. છેલ્લા બે વર્ષના મહામારીના કપરા તબક્કા દરમિયાન સિવિલ વર્કની સાથે ટનલ બનાવવાનું પડકારજનક પાર પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેમાં ૫,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. મેટ્રો લાઈન માટે ત્રણ રેક તૈયાર કરી છે તથા વધુ એક પણ ટૂંક સમયમાં તૈયાર કરાશે. પંદર ટકા ટ્રેક બિછાવવાની સાથે મોટા ભાગનું સિવિલ વર્ક પૂરું કરવામાં આવશે, એમ એમએમઆરસીએલના અધિકારીએ જણાવ્યું હતું. ૨૦૧૩માં કોલાબા-બાંદ્રા મેટ્રોનું કામકાજ ચાલુ કરવામાં આવ્યું હતું, જે ૨૦૨૧માં પૂરું કરવાનો અંદાજ હતો, પરંતુ કારશેડ બન્યો નહીં હોવાથી આગામી બે-ત્રણ વર્ષમાં ઓપરેશન ચાલુ કરી શક્યા નથી. હજુ પણ ટ્રેક નાખવાની સાથે ઈલેક્ટ્રિફિકેશન અને સ્ટેશનમાં એસી બેસાડવા સહિત અન્ય કામગીરી કરવામાં આવશે, એમ સ્પષ્ટતા કરી હતી.

## ઉદ્ધવ ઠાકરે પાલિકાના કાર્યક્રમમાં

નથી. આવી જવાબદારી વધુ ગંભીરતાથી લેવી જોઈએ, એમ પાટીલે જણાવ્યું હતું. બીજી તરફ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેએ મુંબઈ મનપાના કાર્યક્રમમાં ભાજપને આડકતરા ટોણા માર્યા હતા. અનેક લોકો નાની નાની વાતોમા મહાનગરપાલિકા અને નગરસેવકો પર ખાપર ફોડતા હોય છે. સતત મહાનગરપાલિકાના કારભાર પર પ્રશ્નો ઉપસ્થિત કરતા હોય છે. ફક્ત સવાલો કરવા માટે અકલની જરૂર હોતી નથી, એમ તેમણે કહ્યું હતું. બીજી તરફ શિવસેનાના સંસદસભ્ય સંજય રાઉતે ઠાકરેનો બચાવ કરતાં જણાવ્યું હતું કે વડા પ્રધાનની બેઠકમાં મુખ્ય પ્રધાનની ગેરહાજરી અંગે મુખ્ય પ્રધાનની કચેરી ખુલાસો કરશે. ભાજપના નેતાઓ આ મુદ્દાને લઈને ટીકા કરી રહ્યા છે, પરંતુ તેમની પાસે ટીકા કરવા સિવાય કશું બચ્યું નથી. છેલ્લી ઘડીએ અનેક કામ નીકળી શકે છે. વડાપ્રધાન પણ અનેક બેઠકમાં ગેરહાજર હોય છે. વડા પ્રધાનની બેઠકમાં આરોગ્યપ્રધાન રાજેશ ટોપે હાજર હતા, તેમને કેમ ઓછા આંકો છો?

## ભાજપ સ્થાયી સમિતિ અધ્યક્ષ

મેયરને આ પત્રની નોંધ લઈને અવિશ્વાસનો ઠરાવ લાવવા માટે તાત્કાલિક સભા લેવાની માગણી કરી છે. શુક્રવારે પાર પડેલી સ્થાયી સમિતિની બેઠક ઓનલાઈન થઈ હતી, જેમાં મહત્વના વિષય પર જેવા કે આર્થિક ભ્રષ્ટાચાર, કોવિડ કાળમાં થયેલા ગેરવ્યવહાર, સ્કૂલના વિદ્યાર્થીઓના ટૅબ ખરીદીમાં ભ્રષ્ટાચાર, પોઈસર નજીના સ્યુએજ પ્રક્રિયા સેન્ટરના પ્રસ્તાવમાં રહેલા ભ્રષ્ટાચારના મુદ્દા પર ભાજપને બોલવા દેવામાં આવ્યો નહોવાની નારાજગી પક્ષે વ્યક્ત કરી છે. ભાજપે તેની સામે નારાજગી વ્યક્ત કરીને મેયર કિશોરી પેડણેકરને પત્ર લખીને પાલિકાના નિયમ હેઠળ તાત્કાલિક સામાન્ય સભા લેવાની માગણી કરી છે. જેમાં સ્થાયી સમિતિ અધ્યક્ષ, યશવંત જાધવ વિરુદ્ધ આ વિશ્વાસનો પ્રસ્તાવ પર ચર્ચા કરવાની માગણી કરવામાં આવી છે. આ દરમિયાન સ્થાયી સમિતિના અધ્યક્ષ યશંવત જાધવે કહ્યું હતું કે ભાજપ વિરોધ કરીને તેમનું કામ કરી રહ્યું છે. મુંબઈના અનેક વિકાસકામના પ્રસ્તાવ છેલ્લી મોકુફ રહેલી સભાને કારણે રખડી પડયા છે. વિકાસ કામને આડે ભાજપ આવી રહ્યું છે. સત્તાધારી તેમના ખોટા વિરોધને ગણકારશે નહીં.

## સતત બીજા દિવસે નવા કેસની સંખ્યા

પૈકી ૮૦૦ જણને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યારે ૮૮ જણને ઑક્સિજન પર રાખ્યા હતા. ૫૪,૯૨૪ ટેસ્ટ કરવામાં આવ્યા હતા, જ્યારે એક્ટિવ કેસની સંખ્યા ઘટીને શુક્રવારે મુંબઈમાં ૮૪,૩૫૨ થઈ છે. શુક્રવારે ટેસ્ટિંગ ઓછું કરવા છતાં નવા નોંધાયેલા કેસની સંખ્યા ૧૧૦૦૦ની આસપાસ રહી હતી.

### મહારાષ્ટ્રમાં નવા ૪૩,૨૧૧ કેસ

મહારાષ્ટ્ર રાજ્યમાં શુક્રવારે કોરોનાના ૪૩,૨૧૧ કેસ નોંધાયા હતા, જ્યારે કોરોનાથી ૩૩,૩૫૬ જણ સાજા થયા હતા, તેથી કુલ રિકવર કેસની સંખ્યા ૬૭,૧૭,૧૨૫ થઈ છે. કોરોનાને કારણે રાજ્યમાં ૧૯ જણનાં મોત થયા હતા, જ્યારે મુંબઈમાં નવ જણનું મોત થયું હતું. મુંબઈમાં ૧૧મી ઑગસ્ટ, ૨૦૨૧ પછી ૨૪ કલાકમાં થયેલા સૌથી વધારે મરણ થયા છે.

### રાજ્યમાં ઓમાઈક્રોનના ૨૩૮ નવા કેસ

કોરોનાના કેસની સાથે ઓમાઈક્રોનના નવા કેસની ઝડપ રાજ્યમાં વધી હતી, જેમાં શુક્રવારે એક જ દિવસમાં ઓમાઈક્રોનના ૨૩૮ નવા કેસ નોંધાતા કુલ કેસની સંખ્યા ૧,૬૦૫ નવા કેસ થયા છે. ઓમાઈક્રોનના નવા કેસમાં પુણે પાલિકાના ૧૯૭, પિંપરી ચિંચવડના ૩૨, પુણે ગ્રામીણ, નવી મુંબઈમાં ત્રણ-ત્રણ તથા અકોલામાં એક કેસ નોંધાયા હતા. રાજ્યમાં નવા નોંધાયેલા ઓમાઈક્રોનના કેસમાં મુંબઈમાં બે કેસનો સમાવેશ થયો હતો. અત્યાર સુધીમાં ૮૫૯ દર્દીના રિપોર્ટ નેગેટિવ આવ્યા પછી તેમને હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી, એમ આરોગ્ય વિભાગના અહેવાલમાં જણાવ્યું હતું.

### સોમવારથી નવી મુંબઈ મેટ્રોની ટ્રાયલ

મુંબઈઃ કેન્દ્રીય રેલવે મંત્રાલયના રિસર્ચ ડિઝાઈન એન્ડ સ્ટાન્ડર્ડ ઓર્ગેનાઈઝેશન (આરડીએસઓ) દ્વારા ઑક્ટોબર મહિનામાં નવી મુંબઈ મેટ્રો માટે વચગાળાનો રિપોર્ટ આપવામાં આવ્યો હતો, જેના ત્રણ મહિના સુધી રાહ જોવામાં આવ્યા પછી આખરે ૧૭મી જાન્યુઆરીના સોમવારથી મેટ્રો રેલવે સુરક્ષા કમિશનર (સીએમઆરએસ)ની આગેવાની હેઠળ ટ્રાયલ કરવામાં આવશે. મૂળ યોજના મુજબ કામ પાર પાડવામાં આવ્યું તો પહેલી મેથી મેટ્રોની સર્વિસીસ ચાલુ કરી શકાય છે. અલબત્ત, મેટ્રો ચાલુ કરવા માટે રેલવે સુરક્ષા કમિશનર તરફથી સર્ટિફિકેટ જરૂરી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.

## અંડર ગ્રાઉન્ડ ટનલના ખોદકામમાં

લગભગ ૯.૬૮ કિલોમીટર લંબાઈની અંડર ગ્રાઉન્ડ ટનલને કારણે સાયન, માટુંગા, પરેલ, ભાયખલા, કુર્લા વિસ્તારમાં પાણી પુરવઠો સુધારવામાં મદદ મળશે. તો અમર મહેલથી ટ્રૉમ્બે ઉચ્ચ સ્તરીય જળાશય સુધી જનારી બીજી ટનલ લગભગ ૫.૫૨ કિલોમીટર લંબાઈની છે. આ ટનલને કારણે ચેંબુર, ગોંવડી, માનખુર્દ, શિવાજી નગર વિસ્તારમાં પાણી પુરવઠો સુધારવામાં મદદ મળશે.

## ગુનો રદ કરવા માટે વૃક્ષારોપણની

અમારી વચ્ચે સારા સંબંધ હતા, પરંતુ ગુનો નોંધાવ્યા બાદ અમારા સંબંધમાં તિરાડ પડી છે. તેથી અમને અમારી ભૂલ જણાઇ છે', એમ સોગંદનામામાં જણાવાયું હતું. ફરિયાદી અને અરજદારે કેસ રદ કરવાની માગણી કરતા કોર્ટે તેને મંજૂરી આપવાનું કહ્યું, પરંતુ તેના બદલે સામાજિક કાર્ય કરવું પડશે તે કરવા તૈયાર છો કે?, એવો હાઇ કોર્ટે પ્રશ્ન કર્યો હતો. બન્ને જણ સામાજિક કાર્ય કરવા તૈયાર થયા બાદ કોર્ટે તેમને તેમના વિસ્તારમાં વ્યક્તિદીઠ દસ-દસ વૃક્ષ લગાવવાનું કહ્યું હતું.

## હોસ્પિટલે દાખલ ન કરતા

હતી અને પતિએ ડોક્ટરોને વારંવાર સમજાવ્યું, પણ તેઓ માનવા તૈયાર થયા નહીં અને તેને હોસ્પિટલમાં દાખલ કરી નહી. હોસ્પિટલ મેનેજમેન્ટની ઉદાસીનતાને કારણે હેરાન થઇને મહિલાને બહાર લઇ જવાઇ હતી ત્યારે રોડ પર જ તેની ડિલિવરી થઇ હતી. હકીકતમાં હોસ્પિટલથી બહાર નીકળીને મહિલા રસ્તાની બાજુએ લઘુશંકા કરવા ગઇ હતી અને ત્યાં જ તેને બાળકને જન્મ આપ્યો હતો. આ અંગે માહિતી મળતા જ આસપાસની મહિલાઓ તેની મદદે દોડી આવી હતી.

## પ્રતાપ સરનાઈકની બિલ્ડિંગના

૪,૩૩,૯૭,૦૦૦નો દંડ કરનારી નોટિસને રદ કરવામાં આવી છે. આ બાબતે હવે ભાજપે ટીકા કરવાનું ચાલુ કર્યું છે, ત્યારે પ્રતાપ સરનાઈકે જણાવ્યું હતું કે વી. એન. ડેવલપર્સે મનપાને સ્કૂલ બાંધીને આપી હતી. નંદકુમાર જંત્રેની બદલી થઈ ગઈ અને પાલિકામાં આર. એ. રાજીવ નામના કમિશનર આવ્યા હતા. તેમણે શિવસેના વિરોધી ભૂમિકા લીધી હતી. તેમણે બદઈરાદાપુર્વક મારી સામે કાર્યવાહી કરી હતી. અહીં ઉલ્લેખનીય છે કે સરનાઈક દ્વારા કરવામાં આવેલા ગેરકાયદે બાંધકામ અંગે લોકાયુક્તમાં ફરિયાદ કરવામાં આવી હતી અને તેનો ચુકાદો હજી આવવાનો બાકી છે, ત્યારે રાજ્ય સરકારે આવી રીતે અચાનક કેબિનેટની બેઠકમાં દંડની માફી આપવામાં આવી તે બાબતે ભાજપ દ્વારા પ્રશ્નો ઉપસ્થિત કરવામાં આવી રહ્યા છે અને આ સરકાર ગેરકાયદે કામ કરનારાને રક્ષણ આપી રહી હોવાનો આરોપ કરી રહ્યા છે.

## ભિંડી બજાર, ભાયખલાની દુકાનોના પાટ્યા

અહીં શ્વાસ લો છો, અહીંની માટીમાં રહો છો. હવે જ્યારે ઋણ ચૂકવવાનો સમય આવ્યો તો આવું નિવેદન કરો છો. તેને બેઇમાન કહેવામાં આવે છે. ભલે તે સાંસદ હોય કે કોઇ અન્ય. ભાજપે સંજય રાઉતના નિવેદન પર પ્રતિક્રિયા વ્યક્ત કરતા કહ્યું હતું કે હિંમત હોય તો ભિંડી બજાર, ભાયખલા જેવા વિસ્તારોની દુકાનના બિનમરાઠી પાટ્યાઓ બદલીને દેખાડો.

## હિન્દુ મરણ

અગતરાયવાળા ગં. સ્વ. ચંપાબેન મૂળજીભાઇ જોગી (ઉં. વ. ૯૫) તા. ૧૪-૧-૨૨ના શ્રીજીચરણ પામ્યા છે. તે પ્રભુદાસ બેચરદાસ દુબલના દીકરી. તે રમેશભાઇ, પરેશભાઇ, રંજનબેન, ભાવનાબેન, કુસુમબેન, ચંદ્રીકાબેનના માતુશ્રી. તે સેજલ, અવની, યશના દાદીમા. ઉષા પરેશ જોગી, રસિકલાલ પ્રભાકર કુમાર, સ્વ. પ્રકાશકુમાર, કીર્તિકુમારના સાસુ. લૌકિક ક્રિયા બંધ છે. બેસણું ટેલિફોનિક શનિવાર તા. ૧૫-૧-૨૨ના સાંજે ૫થી ૬.

જસદણ હાલ વરલી મુંબઇ સ્વ. પ્રવીણચંદ્ર દુર્લભજી ટોલીયાના પત્ની. ગં. સ્વ. ઉર્મિલાબેન (ઇંદુબેન) (ઉં. વ. ૮૧) તે સ્વ. શાંતાબેનના બેન અને સ્વ. દેવચંદભાઇ વલ્લભજી ઘેલાણીના પુત્રી. તે સૌ. અલ્કાબેન વિવેકભાઇ શાહ, સૌ. મનિષાબેન અશોકભાઇ બોધાણી, સૌ. જૈમીનાબેન નીતીનભાઇ ઝવેરી, બીનાબેન અને મેહુલભાઇના માતુશ્રી. તે સૌ. સેજલબહેનના સાસુ. તા. ૧૩-૧-૨૨ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**જામનગર ગિરનારા બ્રાહ્મણ**

જામનગર (હાલ મુંબઈ) ગં. સ્વ. મહેન્દ્રબાળા જયંતિલાલ ભટ્ટ (ઉં. વ. ૯૬) તે પ્રવિણા સુરેશચંદ્ર ભટ્ટ, ભારતી પ્રબોધ પુરોહિત, જગદીશભાઈ, મુકેશભાઈના માતુશ્રી. સ્વ. સુરેશચંદ્ર ભટ્ટ, પ્રબોધ પુરોહિત, સ્વ. નેહા ભટ્ટ અને મીના ભટ્ટના સાસુ. યાત્રી જય પુરોહિત, પૂજા મિતુલ સેવકના દાદી. કશ્યપના નાની. માનીત, હરિતી, માનદ અને મહેરના પરદાદી ૧૪-૧-૨૦૨૨, શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાલવાડા ઔદીચ્ય બ્રાહ્મણ**

કુલીનબેન અરવિંદ ઉપાધ્યાય (ઉં. વ. ૮૧) મુંબઇ (માંડવી) સ્થિત તે પ્રતિમા ભદ્રેશ નાયક, ચારુ રાજેન નાયક, પ્રાચી બિપીન કોઠારીના માતુશ્રી. તા. ૧૩-૧-૨૨ના દેવલોક પામ્યા છે. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ જખૌ હાલ મુંબઇના કાંતિલાલ સેજપાલ (ટારી) (ઉં. વ. ૮૯) બુધવાર તા. ૧૨-૧-૨૨ના રામશરણ પામેલ છે. તે સ્વ. ધનબાઇ કુંવરજી માવજી સેજપાલના પુત્ર. સ્વ. રુક્ષ્મણીબેનના પતિ. મોથાળાના સ્વ. વિઠ્ઠલદાસ લક્ષ્મીદાસ તન્નાના જમાઇ. મહેશ, રાજેશ, ગં. સ્વ. જયોતિ ગીરીશભાઇ મોટનપુત્રા. ભાવના રશ્મિન કોઠારી, જયશ્રી દેવેન કેશવાણીના પિતા. મીના અને સરલાના સસરા. સ્વ. મહાલક્ષ્મી મથુરાદાસ સોમૈયા, સ્વ. દમયંતી ભાણજી દૈયા તથા સ્વ. જયંતિલાલના ભાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નવગામ ભાટીયા**

ઘાટકોપર હર્ષદ વલ્લભદાસ સંપટ (ઉં. વ. ૭૪) તે સ્વ. વલ્લભદાસ વાલજી સંપટ, સ્વ. વિમલા વ. સંપટના દિકરા. તે સ્વ. અરુણાના પતિ. બ્રિજેન અને સ્મિતાના પિતા. મનિષાના સસરા. તા. ૧૨-૧-૨૨ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**શ્રીમાળી સામવેદી બ્રાહ્મણ**

બાળાપુર હાલ વસઇ ગં. સ્વ. સરલાબેન ભાનુશંકર ત્રિવેદી (ઉં. વ. ૮૨) તા. ૧૩-૧-૨૨ના ગુરુવારના દેવલોક પામ્યા છે. તે જયશ્રીબેન, વંદના પારેખ, ડો. સમીર તથા અમિતભાઇના માતુશ્રી. પ્રકાશ ત્રિવેદી, સ્વ. મધુકાન્ત પારેખ, અ. સૌ. જીગિશા, અ. સૌ. કામિનીના સાસુ. કિશોરભાઇ, અતુલભાઇ, ઉમેશભાઇના કાકી. ડો. નિસર્ગ, દિવ્યાંગ, ચિ. શુભમના દાદી. લૌકિક પ્રથા બંધ છે.

**ઝાલાવાડ સત્તર તાલુકા ઔદીચ્ય બ્રાહ્મણ**

નિખિલભાઇ પોપટલાલ ત્રિવેદી (ઉં. વ. ૬૨) મુળ વડોદના (હાલ મલાડ) ગુરુવાર તા. ૧૩-૧-૨૨ના સ્વર્ગવાસ થયેલ છે. તે નીલીમાના પતિ. દ્રષ્ટી નિતેશ કુમાર, મીત્સુના પિતા. અને રાવલ ચશ્માવાલાના જમાઇ. અને ફાલ્ગુની, સુષમા અશ્વીનકુમાર ઠાકરના બનેવી. તુષાર, પરીંદા અને હીનાબેનના ભાઇ. ટેલિફોનિક બેસણું તા. ૧૬-૧-૨૨ રવિવારના સાંજે ૫થી ૭. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી દશા દિશાવળ વણિક**

કોળીયાક હાલ બોરીવલી નગીનદાસ મહેતા (ઉં. વ. ૭૬) ગુરુવાર તા. ૧૩-૧-૨૨ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. દેવીન્દ્રાબેન પ્રતાપરાય મહેતાના પુત્ર. ગં. સ્વ. મીનાક્ષીબેનના પતિ. યગ્નેશ અને દિપીકાના પિતા. પૂર્વી અને પંકજકુમારના સસરા. પ્રકાશભાઇ, ભરતભાઇ, કંચનબેન મહેન્દ્રકુમાર મહેતા તથા હેમલતા હિરેનકુમાર કાનાણીના ભાઇ. સાદડી તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

રાજુલા શામજી મુળજી દોશીના પુત્ર સ્વ. ગંગાદાસભાઇના ધર્મપત્ની ગં. સ્વ. મંગળાબેન (ઉં. વ. ૮૭) તા. ૧૩-૧-૨૨ના ગુરુવારે શ્રીજીચરણ પામેલ છે. તે મહેશભાઇ-શિલ્પા, ભાવેશભાઇ-પારુલ, શોભનાબેન કીરીટકુમાર સંઘવી, નયનાબેન મિલનકુમાર પારેખના માતુશ્રી. પ્રણવ-પાયલ, કૃણાલ-વીની, નિશિત-ફોરમના દાદી. પિયર પક્ષે રાજુલા નિવાસી પારેખ સ્વ. ગોકળદાસ જેઠાલાલના સુપુત્રી. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**ખંભાતી લેઉવા પાટીદાર**

કૃષ્ણકાંત અંબાલાલ પટેલ (ઉં. વ. ૮૭) તે જયેશ દેવેન લીનાના પપ્પા. રૂપા, રીટા ઉજવલના સસરા. વૃદ્ધિ, રવીના, રીયા, કાજલના દાદા. તથા કીર્તિકાન્ત જયંતિલાલ, સ્વ. ભૂપેન્દ્રભાઇના મોટાભાઇ તા. ૧૪-૧-૨૨ના મુંબઇ મુકામે અક્ષરનિવાસી થયા છે. લૌકિક પ્રથા બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

બાબરા હાલ કલ્યાણના કિરીટકુમાર ભુરાલાલ મહેતા (ઉં. વ. ૮૧) તે ભાનુબહેનના પતિ. તે સ્વ. રમણિકભાઇ, સ્વ. વિજયાબેન, સ્વ. શારદાબેન, સ્વ. કાંતાબેન, સ્વ. જસુબેન તથા ગં. સ્વ. લીલાબેન રમણીકભાઇ વખારીયાના ભાઇ. તે હર્ષદ, દિનેશ, સુમિત્રા ભરતકુમાર ભુપતાણી તથા જયશ્રી હિતેનકુમાર શાહના પિતા. તે અલ્પાના સસરા. તે ઇશિતા તથા સ્નેહા પાર્થ જોશીના દાદા. તે બગસરા નિવાસી સ્વ. પોપટલાલ મોરારજી માધાણીના જમાઇ બુધવાર તા. ૧૨-૧-૨૨ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ત્રાગડ સોની**

કપડવંજ (હાલ સાંતાક્રુઝ), મહેન્દ્ર બાબુભાઈ સોની (ઉં. વ. ૭૪) તા. ૭/૧/૨૨ના દેવલોક પામેલા છે. જયશ્રીબેનના પતિ. તૃપ્તિ, આશિષ, રીતુના પિતાશ્રી. હેમાંગ કુમાર, ગાયત્રી, કલ્પેશ કુમારના સસરા. પ્રીત, પ્રેસીના દાદા. એશા, કરિશ્મા, ઋષિના નાના. પ્રાર્થના સભા, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. શનિવાર (૧૫/૧/૨૨) સાંજે ૪ થી ૬ ટેલીફોનીક બેસણું છે.

**મેઘવાળ**

સ્વ. ગોવિંદભાઇ (મેઘજીભાઈ) ગીગા પરમાર (ઉં. વ. ૮૫) તે તા. ૯/૧/૨૨ને રવિવારના રામચરણ પામ્યા છે. તે કલુબેનના પતિ. સ્વ. ખીમજીભાઈ, શામજીભાઈ, સ્વ. કાનજીભાઈના ભાઈ. કાંતિભાઈ, સ્વ. માલજીભાઈ, સ્વ. રમેશભાઈ અને રતનબેનના પિતા. ભાનુબેન, રેખાબેનના સસરા. મેઘજીભાઈ દાફડાના જમાઈ. તેમના બારમાની વિધિ તા. ૧૬/૧/૨૨ને રવિવારે સવારે ૧૦ કલાકે. બી આઈ ટી ચાળ, નં ૨,નો હોલ બાબુરાવ મોરે માર્ગ, બેલાસીસ રોડ, મુંબઇ સેન્ટ્રલ, એસ ટી ડેપો ની સામે, મુંબઇ-૮.

**હાલાઇ લોહાણા**

કરાચી હાલ કાંદિવલી દિલીપભાઈ મગનલાલ દક્ષિણી (ઉં. વ. ૭૦) તે ૧૪/૧/૨૨ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે દીનાબેનના પતિ. ભાવિન તથા ક્રિષ્નાના પિતા. તે તેજલ તથા દિપકકુમાર ગોપાલદાસ રાજાના સસરા. સ્વ. પ્રવીણ, લલિત, ગીતેશ તથા રાજુના ભાઈ. સાસરા પક્ષે કરાચીવાળા હાલ દહિસર સ્વ. લીલાવતીબેન લક્ષ્મીદાસ પોપટના જમાઈ. સાદડી ૧૫/૧/૨૨ના રોજ ૪ થી ૬ નિવાસસ્થાને રાખેલ છે.

**ગુજરાતી શ્રી ગોડ બ્રાહ્મણ**

ત્રાકુડાવાળા હાલ કલ્યાણ સ્વ. નર્મદાબેન કેશવલાલ જોશીના પુત્રવધૂ અ.સૌ. મધુબેન જોશી (ઉં. વ. ૬૩) તે ૧૦/૧/૨૨ના રોજ શ્રીજીશરણ પામેલ છે. તે ચીમનલાલ જોશીના ધર્મપત્ની. પૂજા તથા પૂર્ણિમાના માતુશ્રી. નકુલભાઈ બિપીનભાઈ મણિયાર તથા દિપેનભાઈ નીતિનભાઈ જોશીના સાસુ. પિયર પક્ષે સ્વ. દયાબેન કેશવલાલ ત્રિવેદી રાજકોવાળાના દીકરી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી મોઢ વણિક**

જામનગર હાલ ઘાટકોપર સ્વ. મંજુલાબેન જમનાદાસ મણિયારના પુત્ર સુરેશભાઈ (ઉં.વ. ૬૮) તે ૧૩/૧/૨૨ના અક્ષરનિવાસી થયેલ છે. તે સ્વ. દક્ષાબેનના પતિ. અમી, ઝીનલ અવિનાશ પ્રતાપ તથા મિહિરના પિતા. મહેન્દ્રભાઈ, સ્વ. મનહરભાઈ, દિલીપભાઈના ભાઈ. સ્વ. કાંતિલાલ નારાયણદાસ પારેખના જમાઈ. ઓનલાઇન પ્રાર્થનાસભા ૧૫/૧/૨૨ના રોજ ૪ થી ૫.

**દશા સોરઠીયા વણિક**

બગસરા હાલ કાંદિવલી સ્વ. હેમકુંવરબેન માધવજી માંડાણીના પુત્ર ડાહ્યાલાલ (ઉં.વ. ૯૨) તે ૧૩/૧/૨૨ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. તારાબેનના પતિ. ભરત-હેમા, ગિરીશ-બીના, આરતી જયેન્દ્ર કુલરીયા, મીના ધીરેન સાંગાણી, જ્યોતિ પ્રકાશ ભૂપતાનીના પિતા. જય, હિતાક્ષી, દેવકી, વિશ્વાના દાદા. સ્વ. પુરુષોત્તમ ગંગારામ પારેખના જમાઈ. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

સાવરકુંડલા હાલ મુંબઈ પ્રવિણચંદ્ર કેશવજી ગોરધનદાસ પારેખ (ઉં.વ. ૮૪) તે ૧૩/૧/૨૨ના શ્રીજીશરણ પામેલ છે. તે કુંદનબેનના પતિ. રાહુલ, વિરલ, કાનન સુનિલકુમાર મહેતાના પિતા. નિકિતાના સસરા. સ્વ. જયંતીલાલ, સ્વ. મનુભાઈ, સ્વ. અનંતરાય, સ્વ. પ્રતાપરાય, સ્વ. કાંતિભાઈ, સ્વ. વિમળાબેન નટવરલાલ ગાંધી, સ્વ. મંગલા હરગોવિંદદાસ મહેતાના ભાઈ. સ્વ. ગુલાબરાય ઓધવજી સંઘવીના જમાઈ. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ**

ડેમાઈ હાલ બોરીવલી હરબાળાબેન ચંદ્રકાન્ત મેહતા (ઉં.વ. ૮૫) તે ૧૩/૧/૨૨ના રોજ કૈલાશવાસી થયેલ છે. તે પરેશ, વસુ તથા નીતા, ભક્તિના માતુશ્રી. પ્રવીણભાઈ જોશી, હિતેનભાઈ દેસાઈ, રાહુલભાઈ જોશી, નીનાના સાસુ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

નાગેશ્રી હાલ કાંદીવલી ભાસ્કરભાઈ ચંપકલાલ મહેતાના ધર્મપત્ની અ. સૌ. રંજનબેન (ઉં.વ. ૬૧), તા. ૧૪/૧/૨૨ને શુક્રવારે શ્રીજીચરણ પામ્યા છે. તે પારસ, છાયા ગુંજન મહેતાના માતુશ્રી. ગીતાબેન, મધુબેન, સ્વ. હંસાબેન, હીનાબેન, પ્રવિણાબેન તથા ભાવેશ અને જાગૃતિના ભાભી. ચલાલાવાળા સ્વ. પ્રભુદાસ નાગજી પારેખની દીકરી. રિધ્ધિના સાસુ. તીર્થ અને ધ્રુવીના દાદી. લૌકિક પ્રથા બંધ છે.

**ગણદેવી વિસા લાડ વણિક**

ગામ ગણદેવી હાલ મુંબઇ વિલેપાર્લે અરવિંદભાઇ રસિકલાલ શ્રોફ (ઉં. વ. ૯૧) તા. ૧૩-૧-૨૨ ગુરુવારના રોજ દેવલોક પામ્યા છે. તે સ્વ. વર્ષાબેન (બકુલાબેન)ના પતિ. સ્વ. મધુકાન્ત અને હસમુખબેનના ભાઇ. બીના અને જાગૃતિ આશિષ દેસાઇના પિતા. આશિષ અરવિંદરાય દેસાઇના સસરા. અમૃતલાલ (જીણાભાઇ) પારેખ ચીખલીના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## જૈન મરણ

**સ્થા. દશા શ્રીમાળી જૈન**

મોરબી હાલ ઘાટકોપર ધીરજલાલ અને સૂરજબેન સંઘવીના સુપુત્ર ભૂપતરાય (ઉં. વ. ૮૨) તે પન્નાબેનના પતિ. નીરવ, અ. સૌ. દીપાના પપ્પાજી. અ. સૌ. ધારા અને રાજકુમાર બાબુલાલ સાકરિયાના સસરાજી. રસીકભાઇ, મહેન્દ્રભાઇ, રમાબેન પ્રવીણભાઇ મહેતા, કુસુમબેન મહાસુખભાઇ મહેતાના ભાઇ. મનોરમાબેન અને રમણભાઇ પ્રભુદાસ શાહ (વેરાવળ)ના જમાઇ. તા. ૧૩-૧-૨૨ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર અને પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**ઝાલાવાડી શ્વેતાંબર મૂર્તિપૂજક વિશાશ્રીમાળી જૈન**

બોટાદના હાલ વિલેપાર્લે મનસુખલાલ પરીખનાં સુપુત્ર પ્રાણલાલ પરીખ (ઉં. વ. ૯૭) તે સ્વ. હંસાબેનના પતિ. નીતીન, નીખીલ, વિપુલના પિતા. હર્ષા, મીના, શિલ્પાના સસરા. સ્વ. હિંમતભાઇ, અમૃતભાઇ, મણીલાલભાઇના ભાઇ. તે સ્વ. મોતીબેન મગનલાલ વોરાના જમાઇ તા. ૧૪-૧-૨૨ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ભાવનગર હાલ કાંદિવલી વિનોદરાય શાહ (ડેલીવાળા) (ઉં. વ. ૮૫) તે સ્વ. સવાઇલાલ અમૃતલાલ શાહના પુત્ર. સ્વ. અનસુયાબેનના પતિ. ચિ. દીપક, બિના યોગેશ બિલખિયા, ગં. સ્વ. દિપીકા બિપીન દેસાઇ, સ્મિતા પ્રકાશ સંઘવી, મોના દેવેન્દ્ર મિયાણીના પિતા. નેહાના સસરા. ભાવનગર નિવાસી છગનલાલ હિરજીભાઇ કોઠારીના જમાઇ. જય-કિસનના દાદા. તા. ૧૩-૧-૨૨ ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પોરબંદર દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

સ્વ. વ્રજલાલ કલ્યાણદાસ શાહના ધર્મપત્ની નિર્મળાબેન (નિલમબેન) હાલ બોરીવલી (ઉં. વ. ૯૦) ગુરુવાર તા. ૧૩-૧-૨૨ના અરિહંતશરણ પામેલ છે. તે નિલેશભાઇના માતુશ્રી. જલ્પાબેનના સાસુ. કુંજન ધ્રુવીલ શેઠ તથા અંજનાના દાદી. સ્વ. દમયંતીબેન, સ્વ. દિનેશચંદ્ર, મહેન્દ્રભાઇ, ભારતીબેનના બેન. સ્વ. મણીબેન તુલસીદાસ ભણસાલીના સુપુત્રી. પ્રફુલ્લાબેન રમેશચંદ્ર શાહના વેવાણ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

નોંધણવદર હાલ બોરીવલી સ્વ. ચીમનલાલ કાનજીભાઇ સંઘવીના ધર્મપત્ની વિમળાબેન (ઉં. વ. ૭૫) તા. ૧૩-૧-૨૨ના અરિહંતશરણ પામેલ છે. તે ભાવેશ, ધર્મેશ, કલ્પનાબેન જીતેન્દ્રકુમાર દોશી, જયશ્રીબેન અનિલકુમાર શાહ, હિના લલિતકુમાર દોશી, તૃપ્તિ યોગેશકુમાર દોશીના માતુશ્રી. નિશા તથા યામિનીના સાસુ. સ્વ. દિપચંદભાઇ તથા કાન્તિભાઇના નાનાભાઇના પત્ની. પિયર પક્ષે (ટાણાવાળા) સ્વ. વાલજીભાઇ ન્યાલચંદ શાહના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. બી-૧૦૨, આદેશ્વર કો. ઓ. સો. મંડપેશ્વર રોડ, બોરીવલી (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ઉમરાળા હાલ સાનપાડા (નવી મુંબઇ) સ્વ. મૃદુલાબેન રમણીકલાલ ચુનીલાલ મહેતાના પુત્ર અશોકભાઇ (ઉં. વ. ૭૬) તે કોલ્હાપુર વાલા ગુલાબચંદ નાથાલાલ દેસાઇના જમાઇ. તે પારુલ (કૈલાશ)ના પતિ. તે પરીન્દા, રુત્વીના પિતા. તે સરયુબેન બળવંતરાય દોશીના ભાઇ તા. ૧૦-૧-૨૨ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ચક્ષુદાન કરેલ છે.

**વેરાવળ જૈન**

સ્વ. શાંતિલાલ જમનાદાસ બખાઇના ધર્મપત્ની સરલાબેન હાલ માટુંગા (ઉં. વ. ૯૪) ગુરુવાર, તા. ૧૩-૧-૨૨ના અરિહંતશરણ પામેલ છે. તે જૂનાગઢ સ્વ. હરિલાલ મોતીચંદ પારેખના પુત્રી. નિરંજના, પંકજ, અતુલ, ભાવના, કૌશિક, નીતાના માતુશ્રી. કિરણ, અમીષા, મયુરી, અતુલભાઇ પારેખ, ભદ્રીકભાઇ શાહ અને વિમલભાઇ શાહના સાસુ. સ્વ. મનહરભાઇ, હેમંતભાઇ, સ્વ. રાજેશભાઇ, તેજશભાઇના ભાભી. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશા ઓસવાલ જૈન**

સુરત હાલ મીરારોડ સ્વ. રમેશચંદ્ર પાનાચંદ ઝવેરીના ધર્મપત્ની ગં. સ્વ. રમીલાબેન ઝવેરી (ઉં.વ. ૯૧) તે ૧૩/૧/૨૨ના અરિહંતશરણ પામેલ છે. તે બીના, લતા, વિજયના માતુશ્રી. સ્વ. મંગલચંદ ઝવેરી, સ્વ. ચિતરંજન દોશી તથા નીતાબેનના સાસુ. સ્વ. અનુસરાબેન રતનચંદ ઝવેરીના દીકરી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશા પોરવાડ જૈન**

પાથાવાડા હાલ બોરીવલી સ્વ. દિલીપકુમાર છોટાલાલ કોઠારીના પત્ની વનલીલાબેન (ઉં.વ. ૮૨) તે અમિત તથા કોમલના માતુશ્રી. અશોકકુમાર પરિહાર તથા રજનીના સાસુ. નેન્સી, ઇશિતા કિશોર દવે તથા નેહીના બા. પિયર પક્ષે ભરુચ નિવાસી સ્વ. તારાબેન બાબુલાલ કોઠારીના દીકરી ૧૨/૧/૨૨ના રોજ અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

જેસર હાલ દહિસર જયસુખલાલ દલીચંદ છગનલાલ વોરાના ધર્મપત્ની સરોજબેન (ઉં.વ. ૮૫) તે સ્વ. કાંતિભાઈ, સ્વ. નરેશભાઈ, પુષ્પાબેન પ્રવીણભાઈ વડલીયા તથા કળાબેન ભરતભાઈ સંઘવીના ભાભી. તુષાર, સાગર તથા ઋષભના માતુશ્રી. બિનિતા તથા દીપ્તિના સાસુ. ભાવનગરવાળા સ્વ. રંભાબેન તથા સ્વ. હરગોવિંદદાસ હરિચંદ શાહના દીકરી.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

બોટાદ હાલ પૂના રાજેશભાઈ ધીરજલાલ કામદાર (ઉં.વ. ૭૩) તે વંદનાબેન (વિલાસબેન)ના પતિ. કપિલાબેન તથા મુકેશભાઈના ભાઈ. જિજ્ઞાબેન, સેજલબેન, તન્વીબેન, હાર્દિકભાઈના પિતાશ્રી તથા નીલયભાઈ, હરીશભાઈ, ભૌમિકભાઈ અને કેયાબેનના સસરા. લાઠી નિવાસી સ્વ. રતિલાલ શામજી ઠોસાનીના જમાઈ તા. ૧૨/૧/૨૨ના રોજ અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

કારાઘોઘાના ભવાનજી વીરજી સાવલા (ઉં.વ. ૮૬), તા. ૧૩-૧-૨૨ના અરિહંત શરણ પામેલ છે. દેમતબાઇ વીરજી ચાંપશીના પુત્ર. પુષ્પાબેનના પતિ. નીલા, છોટાલાલ, ભરતના પિતાશ્રી. બુધ્ધુભાઇ, મણીલાલ, રતાડીયા ગ. લક્ષ્મી ભીમશી, હેમકુંવર નેમજી, કુંદરોડી સાકર ખીમજીના ભાઇ. કારાઘોઘા મણીબેન ટોકરશી રવજી સૈયાના જમાઇ. ગુણાનુવાદ સભા રાખેલ નથી. ઠે. ભરત ભવાનજી સાવલા, ૨૦૨-બી, વિકાસ એપાર્ટમેન્ટ, ડી.સી. રોડ, પરેલ, મુંબઇ-૪૦૦૦૧૨.

બિદડા (અડુલો ફરીયો)ના ધીરજલાલ મોરારજી મારૂ (ઉં.વ. ૮૧) તા. ૧૨-૧-૨૨ના મુંબઇ મધ્યે અવસાન પામ્યા છે. માતુશ્રી પાનબાઇ મોરારજી હીરજીના પુત્ર. નિર્મળના પતિ. અતુલ, જયેશ, પ્રીતીના પિતા. સ્વ. દામજી, મણીલાલ, જીતેન્દ્ર, રાજેશ, વિમળા, નિરંજના, ઇલા, ભારતીના મોટા ભાઇ. કાંડાગરાના ઝવેરબેન ભવાનજી છેડાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠેઃ જયેશ મારૂ, ૩, યંગનેશ્વર, કસ્તુરબા રોડ, મુલુંડ (વે.), મુંબઇ-૮૦.

નાના ભાડીયાના પોપટલાલ હીરજી ખીમજી રાંભીયા (ઉં.વ. ૮૬) તા. ૧૩-૧-૨૨ના અરિહંતશરણ પામ્યા છે. વિજયાગૌરીના પતિ. માતુશ્રી નાનબાઇ હીરજીના પુત્ર. નાની ખાખરના ભારતી રશ્મીકાંત શાહ, કુંદરોડીના રેખા ભરત છેડા, જતીનના પિતા. તલકશી, કાંતીલાલ, પ્રતાપ જગદીશ, અરવિંદ, નાંગલપુરના લક્ષ્મીબેન, મોટી ખાખર મોંઘીબેન, ગુણવંતી, નાની ખાખર ધનવંતી, કોડાય ઇન્દુ, ભુજપુર અરૂણાના ભાઇ. કોડાય મણીબાઇ છોટાલાલ પુંજાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. જતીન રાંભીયા, ૫૫, સ્વસ્તિક સોસાયટી, નાનુ કુંજ રોડ નં. ૪, જેવીપીડી, પાર્લા (વે.), મુંબઇ-૫૬.

ચીયાસરના કુંવરબાઇ કુંવરજી ગોસર (ઉં.વ. ૮૩) તા. ૧૨-૧-૨૨ના અવસાન પામેલ છે. કુંવરજી રવજીના પત્ની. મમીબાઇ રવજી વેલજીના પુત્રવધૂ. ખુશાલ, હસમુખ, કાંતીલાલ, જેઠાલાલ (પપ્પુ), નિર્મળાના માતુશ્રી. માપર રતનબેન ઘેલા વેલજીના પુત્રી. કુંવરજી, ખીમજી, સાભરાઇ મુલબાઇ હંસરાજ, વિઢ મેઘબાઇ નાનજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. જે.કે. ગોસર, ૪, ચાણક્ય, નાંદીવલી રોડ, ડોંબીવલી (ઇ.) ૪૨૧૨૦૧.

બિદડા (ઓ.ફ.) હાલે તારાબાગ, ચર્નીરોડના પ્રવિણ હંસરાજ શાહ (ફુરીયા) (ઉં.વ. ૮૬) તા. ૧૩-૧-૨૨ના અવસાન પામેલ છે. ગુણવંતીના પતિ. માતુશ્રી પાનબાઇ હંસરાજ કુંવરજીના સુપુત્ર. ગુંદાલાના સીમાના પિતા. નારાણપુરના માતુશ્રી વેજબાઇ મેઘજી વેલજી વોરાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રવીણ શાહ, એફ/૪૧, તારાબાગ, આર.એમ. રોડ, ચર્ની રોડ -મું.૪.

**કાળધર્મ**

શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયના તપચક ચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના પટ્ટધર સાહિત્ય દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની પ.પૂ. સાધ્વીશ્રી જ્યોતિષપ્રભાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ. સાધ્વીશ્રી કીર્તિપ્રેણાશ્રીજી મ.સા. ૭૮ વર્ષની ઉમરે ૫૨ વર્ષની દીક્ષા પર્યાય પાળી શુક્રવાર, તા. ૧૪-૧-૨૨ના સવારે ૫.૦૦ વાગ્યે કચ્છ શ્રી ૭૨ જિનાલય મહાતીર્થે શ્રી આદેશ્વર દાદાની છત્રછાયામાં નવકાર મહામંત્રનું સ્મરણ કરતાં કરતાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે. તે સંસાર પક્ષે માતુશ્રી બુધીબાઇ મોણશી કોરશી ગંગર કચ્છ ગામ નવાવાસવાલાની સુપુત્રી થાય.

## પારસી મરણ

રોશની હોશંગ ભાઠેના તે હોશંગ કયખુશરૂ ભાઠેનાના ધણિયાની. તે મરહુમો એરવદ નરીમન અને તેહેમીના પંથકીના દીકરી. તે મીનોચેહેર હોશંગ ભાઠેનાના માતાજી. તે ખુશરૂ અને સામ પંથકી તથા મરહુમો હોશંગ, સાયરસ અને કેતીના બહેન. તે કયનાઝ, નાઝનીન, આરીજ, રયોમંદના મામી. (ઉં. વ. ૬૯) રે. ઠે. ૭૮૫, બી, ૧લે માળે, ખરેઘાટ રોડ, પારસી અગિયારી પાસે, દાદર (પૂ). મુંબઇ-૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૫-૧-૨૨ના રોજે, બપોરે ૩.૪૦ કલાકે, રૂસ્તમ ફ્રામની અગિયારીમાં થશેજી.

દોલી દારા ઇકાજી તે એરવદ દારા જહાંગીરજી ઇકાજીના ધણિયાની. તે મરહુમો એરવદ શેરીયારજી અને જરબાઇ પંથકીના દીકરી. તે એરવદ વીરાફ અને ખુશનુમ એરીક ઇનવાલાના માતાજી. તે કયનાઝ તથા એરવદ એરીક ઇનવાલાના સાસુજી. તે જીઉસ ઉકાજીના બપઇજી. તે જેશાદ ઉનવાલાના મમઇજી. (ઉં. વ. ૭૫) રે. ઠે. ડી-૧ બિલ્ડિંગ ફ્લેટ નં.૧૧, ૧લે માળે, ભરૂચા બાગ, એસ. વી. રોડ., અંધેરી (વે.), મુંબઇ-૪૦૦૦૫૮.

ખોદારામ શેરીયાર ઇરાની તે ઝરીન ખોદારામ ઇરાનીના ખાવીંદ. તે કૈનાઝ અને શાહઝાદ ઇરાનીના બાવાજી. તે પેરીન તથા મરહુમ શેરીયાર ઇરાનીના દીકરા. તે રયોમંદ ર. ઇરાનીના સસરાજી. તે ફરશક ઇરાનીના મમાવાજી. તે બેહરામ ઇરાની, ફ્રેની ઇરાની, ફીરોઝા ભોપાલવાલા તથા મરહુમો જહાંગીર ઇરાની તથા ફીરોઝ ઇરાનીના ભાઇ. (ઉં. વ. ૭૨) રે. ઠે. બી-૩૬, અશરફ એપાર્ટમેન્ટ, ગંગા બાવડી રોડ, ટોસ્ટી હાઉસ પાસે, મઝગાંવ, મુંબઇ-૪૦૦૦૧૦. ઉઠમણાંની ક્રિયા તા. ૧૫-૧-૨૨ના રોજે, બપોરે ૩.૪૦ કલાકે, માહીમ અગીયારીમાં થશેજી.

## મરણ નોંધ માટે ખાસ સૂચના

કોરોના વાઇરસની હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લઇને મરણ નોંધ આપવા માટે 'મુંબઈ સમાચાર'ના કાર્યાલય સુધી આવવાને બદલે ઇ-મેલથી મોકલી શકાશે. લેટરહેડ પર મરણનોંધ મોકલવા ઉપરાંત ડેથ સર્ટિફિકેટ અથવા લાકડાની રસીદ સાથે મોકલવી અનિવાર્ય રહેશે.

ઇ-મેલઃ samachar.bombay@gmail.com

- વ્યવસ્થાપક

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|